**સમજો જીએસટીને**
પરેશ કપાસી



# જીએસટી ઑડિટ માટે આઉટવર્ડ સપ્લાય માટેનું ચેકલિસ્ટ

**જીએસટી** ઑડિટ દરમ્યાન જીએસટીની લાયાબિલિટી અને એને સંબંધિત મુદ્દાઓને ઝીણવટપૂર્વક આવરી લેવામાં આવે અને ભવિષ્યમાં જીએસટીના અસેસમેન્ટ દરમ્યાન કોઈ મોટી લાયાબિલિટી ઉદ્ભવે નહીં એ માટે છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી આપણે જીએસટી સલાહકાર દ્વારા ચેક કરવાની જરૂર હોય એવા મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરી રહ્યા છીએ. અમે છેલ્લા બે લેખ દરમ્યાન ઇનવર્ડ સપ્લાયને લગતા મુદ્દાઓ આવરી લીધા હતા. ચાલો, હવે આપણે આઉટવર્ડ સપ્લાય પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

**ચેકલિસ્ટ**

૧. સલાહકારે આઉટવર્ડ સપ્લાયના આંકડાઓની તુલના પાછલાં વર્ષોના આંકડા સાથે કરવી જોઈએ અને એમાં આવેલા ફેરફારના યોગ્ય ન્યાયિક કારણો શોધવાં જોઈએ.

૨. ઘરેલુ અને નિકાસ માટે ગુડ્સ અને સર્વિસિસ માટેના આઉટવર્ડ સપ્લાય માટેનાં જારી કરાયેલાં ઇન્વૉઇસ સિરીઝને ક્રમબદ્ધ રીતે જાળવવામાં આવે છે કે નહીં એ સલાહકારે ચકાસવું જોઈએ. કૉમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમમાં બધાં રદ કરેલાં/પાછાં આવેલાં ઇન્વૉઇસિસને સલાહકારે તપાસવાં આવશ્યક છે તેમ જ તેમની નોંધ જીએસટીઆર-૧માં લેવામાં આવી છે કે નહીં એની ચકાસણી કરવી જોઈએ.

૩. કૉમ્પોઝિટ, નૉન-કૉમ્પોઝિટ અથવા મિક્સ્ડ સપ્લાયનું વર્ગીકરણ યોગ્ય રીતે કરવામાં આવ્યું છે અને તેમનું સીજીએસટી ઍક્ટના સેક્શન ૧૫ સાથે સંબંધિત વૅલ્યુએશન નિયમો સાથે વાંચવામાં આવેલા હોય એ અનુસાર યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે એની કન્સલ્ટન્ટે ખાતરી કરવી જોઈએ.

૪. ભાવના તફાવતને કારણે જારી કરવામાં આવેલાં તમામ ડેબિટ-નોટ્સ/જર્નલ-વાઉચરો જેના પર વધારાની રકમ ઉપર વધારાની જીએસટી જવાબદારી ચૂકવવાપાત્ર છે એને કન્સલ્ટન્ટે તપાસવાં જોઈએ તેમ જ આવી તમામ ડેબિટ-નોટની નોંધો જીએસટીઆર-૧માં જાણ કરવામાં આવી છે કે નહીં એ પણ તપાસવું આવશ્યક છે.

૫. જેના પર જીએસટી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો ન હોય એવા ગુડ્સ અને સર્વિસિસના સપ્લાય રજિસ્ટરમાં કરાયેલી નોંધની ચકાસણી કરવી અને એ માટેનાં કારણો તપાસવાં, જેમાં કોઈ એક્ઝમ્પ્શનની સૂચના લાગુ પડતી હોય અથવા ન લાગુ પડતી હોય એનાં કારણો અથવા સપ્લાયના દાયરાની બહાર રાખવાનાં કારણો (ડિવિડન્ડ, સિક્યૉરિટીઝનું વેચાણ વગેરે)ની તપાસ કરવી જોઈએ. એવા કિસ્સાઓ જેમાં કમ-ટૅક્સ વૅલ્યુએશનનો ફાયદો લેવામાં આવ્યો એમાં ટૅક્સ અલગથી એકત્રિત કરવામાં આવ્યા નથી એ બાબતની સલાહકારે તપાસ કરવી જ જોઈએ.

૬. ગુડ્સના આઉટવર્ડ સપ્લાયના રેકૉર્ડને ચકાસવા જોઈએ એટલે કે ઇલેક્ટ્રૉનિક રેકૉર્ડ્સ માટે નિયમ ૫૬ અને નિયમ ૫૭ સાથે વાંચેલા સેક્શન ૩૫ હેઠળ સ્ટૉક અને ગુડ્સ/સર્વિસિસની સપ્લાયને ચકાસવી જોઈએ.

૭. સલાહકારે કમ્પ્લાયન્સના સમયગાળા દરમ્યાન હાથ ધરવામાં આવેલા તમામ જૉબ વર્ક ટ્રાન્ઝેક્શનની તપાસ કરવી જોઈએ. એ પણ તપાસવું જોઈએ કે મોકલેલી સામગ્રી નિયત સમયમાં પરત કરવામાં આવી હતી અને જો જૉબવર્કરના પરિસરમાંથી માલ સપ્લાય કરવામાં આવ્યો હોય તો એના ઉપર જીએસટીની ચુકવણી કરવામાં આવી હતી અને એને ગુડ્સ/સર્વિસિસના સપ્લાયનાં રજિસ્ટરમાં દાખલ કરવામાં આવ્યો હતો. એ પણ ખાતરી કરો કે ત્યાંથી માલની સપ્લાય કરતાં પહેલાં જૉબવર્કરના સ્થળને વ્યવસાયના વધારાના સ્થળ તરીકે ઉમેરવામાં આવ્યું હતું.

૮. સલાહકારે સ્ક્રૅપ સેલ્સ રજિસ્ટરની તપાસ કરવી જોઈએ અને વેચાયેલી કોઈ પણ અસામાન્ય વસ્તુઓ શોધવી જોઈએ જે ઑબ્સોલેટ પ્રકારની હોય; એ પણ ચકાસો કે એના ઉપર પર્યાપ્ત જીએસટીની ચુકવણી કરવામાં આવી છે.

૯. સલાહકારે પ્રાઇસલિસ્ટની તપાસ કરવી જોઈએ અને ડિલિવરી કરવાના સાધનની તેમ જ ડિસ્કાઉન્ટ માટેની અન્ય ટર્મ્સ/કન્ડિશન્સ (રોકડ/ક્વૉન્ટિટી/ભાવનો તફાવત) જાણવા માટે ગ્રાહકો સાથેના કરારની નકલ તપાસવી જોઈએ. સપ્લાય કર્યા પછી ડિસ્કાઉન્ટને જો ક્રેડિટનોટ દ્વારા આપવામાં આવ્યું હોય તો સપ્લાય પછી મળનારા ડિસ્કાઉન્ટ બાબતની શરતોની ખાતરી કરી લેવી જોઈએ.

આપણે જીએસટી સલાહકાર દ્વારા ચેક કરવાની જરૂર હોય એવા મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા આપણે આગામી લેખમાં કરીશું.

લેખક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. તેમનો સંપર્ક કરી શકો છો
feedback@mid-day.com